સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સત્તા સાથે સંપીને હવે બેન્કો કરોડો ખાય છે,
સગાં-સંબંધી સહિત નેતાનો ભવાડો થાય છે.
ભરાય છે હવાડો, ખાલીખમ હોય કૂવો છતાં -
પરિશ્રમ વિના સંપતિનો સરવાળો થાય છે...

હાઈકુ

લોક-શોષણ -
સગાં-સંબંધીઓનું
થાય પોષણ...

'રાજભવન?'
'દેવદત્ત આશ્રમ'
નામ બદલ્યું !!

ચિંતન

અપહૂતા ભૂરિધનાઃ સખાયઃ સ્વાદુસંમુદઃ ।
અશ્રુધ્યા અતૃષ્યા સ્ત ગૃહા માસ્મદ્ વિભીતન્ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

કુટુંબના બધા સભ્યો ધન કમાનાર, શ્રદ્ધાવાન અને આનંદી હોય, તેઓ ભૂખ અને તરસથી વ્યાકુળ ન બને તેમજ એકબીજાથી ડરે પણ નહીં.

આપણે પાસે બીજાઓને આપવા માટે ધનદોલત ન હોય, કોઈને બીજું કંઈ આપવાની સ્થિતિ પણ ન હોય, છતાં આપણે એક વસ્તુ આપી શકીએ છીએ અને તે વસ્તુ છે 'પ્રસન્નતા.'

પ્રસન્નતાનો આધાર આતંરિક સુસંસ્કારો પર રહેલો છે. ગરીબીમાં પણ હસતા રહેતા અને મુશ્કેલીઓની વચ્ચે પણ ખુલ્લા મનથી હસનારા અનેક માણસો જોવા મળશે. સંસારમાં જેટલા પણ મહાપુરુષો થયા છે તે બધાએ હસતા રહીને વિપરિત પરિસ્થિતિઓની સામે ટક્કર ઝીલી છે અને તેમને બદલી નાખી છે.

બધા લોકો કષ્ટ વેઠીને પણ પ્રેમ અને સંતોષપૂર્વક જીવન વિતાવતા રહીને એકબીજાને સહકાર આપે છે. આનાથી જે નિર્ભયતા અને નિશ્ચિતતાનું વાતાવરણ બને છે. તેનાથી સૌની આર્થિક, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ મોકલો થાય છે.

સુવિચાર

- 'ખબર' પૂછવાનો જમાનો ગયો... માણસ ઓનલાઈન દેખાય એટલે સમજી લેવું કે 'બધુ બરોબર છે' 'ઈશ્વર' સૌને 'ઓનલાઈન રાખે' - **એસ. ભટ્ટાચાર્ય**
- એક અમેરિકન કોન્ફરન્સમાંથી મને મળેલો બોધપાઠ 'શરીર તંદુરસ્ત હશે તો તમારો ધંધો કે આજીવિકા પણ તંદુરસ્ત રહેશે' - **અનિલ અંબાણી**
- એક દિવસ મિઠાઈ ન ખાવાથી કે તરસ લાગે ત્યારે પાણી તરત નહીં પીવાથી તબિયત બગડવાની નથી અને તેમ કરવાથી મન તો મજબૂત થશે - **ફાધર વાલેસ**
- જે ન્યાયને અનુકૂળ છે તે ધર્મથી પ્રતિકુળ હોઈ શકે છે - **ચાર્લ્સ લેમ્બ**
- જો તમે જીવન જીવતા વખતે ઈશ્વરને નિરંતર સ્મરણમાં રાખ્યો નહીં હોય તો મૃત્યુ વેળાએ ઈશ્વરનું સ્મરણ શક્ય નહીં બને - **રમણ મહર્ષિ**
- જ્યારે વૃક્ષ પછી જાય છે ત્યારે જ તેની સાચી ઉંચાઈનો ખ્યાલ આવે છે **- લિંકનની શ્રદ્ધાંજલિમાં વપરાયેલા શબ્દો**
- આજનું ઔષધ : કાંદાના ટૂકડા તડકે સૂકવી તેમાંથી વીસેક ગ્રામ ઘીમાં તળી તેમાં થોડા કાળાતલ અને થોડી ખડી સાકર નાખીને સવાર-સાંજ ખાવાથી મસા મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

યુરોપિયન એરલાઈન્સમાં એક ભારતીય યુવાન ફર્સ્ટ કલાસમાં સફર કરી રહ્યો હતો. એરલાઈન્સની એરહોસ્ટેસે યુવાનને ફ્રી ડ્રિન્ક પીરસ્યું, પરંતુ તેમાં આલ્કોહોલ હોવાથી યુવાને ના પાડી દઈ પીવાનો અસ્વીકાર કર્યો. થોડીવાર પછી બીજી એરહોસ્ટેસ કોકટેલ ડ્રિંક પીવા યુવાનને આપ્યું. ફરી પેલા યુવાને ના પાડતા કહ્યું, 'આપ કષ્ટ ન કરશો, હું આલ્કોહોલ પીતો નથી.' એર હોસ્ટેલને નવાઈ લાગી. તેણે પોતાના સહકર્મચારી સાથે મળીને તે યુવાનની મશ્કરી કરી તેને હેરાન કરવાનું નક્કી કર્યું. ફરી ત્રીજીવાર યુવાનને પીણું પીરસતા એર હોસ્ટેસે કહ્યું, 'આ અદ્ભૂત ડ્રિંકનો સ્વાદ માણી જુઓ. સફરનો થાક-કંટાળો ઓગળી જશે.' યુવાને કંટાળીને કહ્યું, 'આ પીણું જો તમે તમારા કેપ્ટનને પીવડાવશો તો હું પણ આ પીણું પીશ.' એરહોસ્ટેસે કહ્યું, પાઈલટ આ પીણું કેવી રીતે પી શકે ? તે ડ્યુટી પર છે. જો તે આલ્કોહોલ પીવે તો વિમાનને અકસ્માતનો ભય રહે.' યુવાને કહ્યું, 'મેડમ. જેમ પાઈલટ ડ્યુટી પર છે એમ હું પણ મારા પરમાત્માએ આપેલા જીવનમાં ઈશ્વરની ડ્યુટી પર છું. મારી ડ્યુટી ઈશ્વરે આપેલા જીવનમાં સારા કાર્યો અને ધર્મનું પાલન કરવાની છે. જેમ વિમાનના કેપ્ટનની ફરજ છે વિમાનને બચાવવાની તેમ મારા જીવનનો હું કેપ્ટન છું, મારી ફરજ મારા જીવન, સમાજ, કુટુંબને જાળવવાની અને બચાવવાની છે. મારે મારા જીવનને ખરાબ ટેવો-વ્યસનથી મુક્ત રાખીને સમાજ સેવા કરવી છે.' એર હોસ્ટેસ ચૂપચાપ ત્યાંથી ચાલતી થઈ ગઈ.

ઉમાશંકર જોશીને સ્મરણાંજલિ

તંત્રીસ્થાનેથી...

આપણી પ્રસ્થાપિત પરંપરા મુજબ ઈતિહાસ રાજા મહારાજાઓ અને બાદશાહોનો લખાતો રહ્યો છે. પરંતુ પ્રજાના હૃદયની વાત તો સમકાલીન સર્જકના શબ્દ સ્વરુપે જ કંડારાતી રહી છે. ગુજરાતી ભાષા એ મુદ્દે ગૌરવવંતી છે કે એને પાટણપતિ સિદ્ધરાજ જયસિંહથી લઈ નરેન્દ્ર મોદી સુધીના સુજ્ઞ અને લોકાભિમુખ શાસકો મળ્યા. એથીય વધુ આપણે પોતાની જાતને નસીબદાર એ મુદ્દે પણ ગણી શકીએ કે આપણને હેમચંદ્રાચાર્ય અને નરસિંહ - મીરાંથી લઈ સુન્દરમ્ - ઉમાશંકર અને રાજેન્દ્ર-નિરંજન જેવા સમર્થ સાક્ષરો સાંપડ્યા. ઉમાશંકર જોશીએ એમના યુગ સ્વરને કવિતાબદ્ધ કર્યો અને 'વિશ્વશાંતિ' થી લઈ 'નિશીથ' અને છેલ્લે 'ધારાવસ્ત્ર' જેવા સીમાચિહ્ન રૂપ કાવ્યસંગ્રહો આપ્યા. ઉમાશંકર મૂળે તો ડુંગરબાળ. એટલે એમને છેક તરુણવયથી જ ભોમિયા વિના ડુંગરા ભમવાની હોંસ જાગી હતી. એ ઈડરિયા ડુંગરો અને સાબરકાંઠાની વનશ્રી વચ્ચેથી નીકળેલો નખશિખ કવિ જયારે અમદાવાદ જેવી મહાજનોની નગરીમાં આવે છે ત્યારે એને પડછાયો સ્પર્શે છે સહસ્રાહબ્દીના મહામાનવ - યુગાત્મા અને મહાત્મા ગાંધીનો. ગાંધી રંગે રંગાઈને ઉમાશંકર જોશીએ સમસ્ત જીવન ગાંધીવિચાર મુજબ ઢાળ્યું પરંતુ કયારેક દુખિયારા શ્રમિકોને જોઈને એમની અંદર પેલો દૂર રશિયામાં બેઠેલો માર્કસ પણ સળવળતો રહ્યો. સૌંદર્યો પાછળ ઘેલા યુવાન ગુજરાતી કવિએ આક્રોશમાં આવી જઈ ભૂખ્યાં જનોના જઠરાગ્નિની ધાક પણ બતાવી :

... ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે!

શિક્ષક તરીકેનું એમનું સ્વરુપ આજપર્યંત રોલમોડેલ ગણાતું રહ્યું છે. એમણે સાચા અર્થમાં સારસ્વતનો આદર્શ રજૂ કર્યો. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને પછી રવીન્દ્રનાથની વિશ્વભારતીના કુલાધિપતિ જેવાં પર શોભાવનાર સાક્ષરને એમના ઈડરિયા પથ્થરોની માયા છેલ્લા શ્વાસ સુધી નહોતી મુકાઈ. ઈંદિરા શાસન દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત રાજયસભાના સભ્યપદે રહ્યા અને એ જ ઈંદિરાને કટોકટી લાદી ત્યારે 'રાષ્ટ્રના ચોરા' માં (સંસદમાં) પ્રજાકીય અવાજ પણ નિર્ભીક થઈને ઉઠાવ્યો. ઉમાશંકર જોશીને ભારતીય જ્ઞાનપીઠ દ્વારા અપાતું સર્વોચ્ચ સાહિત્યિક સમ્માન તત્કાલીન મૈસૂર રાજયના લોકપ્રિય કવિ 'કુવેમ્પુ' (કે.વી. પુટપ્પા) સાથે સહિયારું અપાયેલું. કુવેમ્પુનું નામ મૈસુર યુનિવર્સિટી સાથે જોડાઈ ગયું, એમના નામની વસાહતો કર્ણાટકના દરેક મહત્ત્વના નગરમાં સ્થપાઈ ગઈ. આપણે ઉમાશંકર જોશીના નિવાસ નજીકના નાનકડા રોડના ટુકડાને એમનું નામ સાથે જોડવા માટે બામણાના વતની એવા એક અધિકારીએ રીતસર કાકલૂદી કરવી પડી હતી. ભલું થજો પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલાનું કે એમણે એમના સર્જક સલાહકાર કિશોરસિંહ સોલંકીની ભલામણ સ્વીકારીને સમર્પણ ટ્રસ્ટીની નિશ્રામાં બામણા ખાતે ઉમાશંકર જોશીની અર્ધપ્રતિમા સ્થાપિત કરાવી. આજે 'બાપુ' નો પણ જન્મદિવસ છે. ગુજરાતને હજી એમની પાસેથી ઘણી આશાઓ છે. બાપુને જન્મદિવસની મુબારકબાદી પાઠવીએ.

ટ્રાફિક સેન્સ : વિદ્યાર્થીઓ-વાલીઓ

રંગ-ઉમંગ

કાનન ઓઝા

આજકાલ ગાંધીનગર શહેરમાં લાયસન્સ વગરના વાહન ચલાવતા વિદ્યાર્થીઓને આમ કરતાં રોકવા માટેની ઝૂંબેશ ટ્રાફિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. સમય દરમિયાન જોયેલ એક દ્રશ્યે ખૂબ જ અકળામણમાં મૂકી દીધો. દ્રશ્ય કંઈક આમ હતું. શાળાની વિદ્યાર્થીની કે જેની ઉંમર સોળ-સત્તર વર્ષ હશે. તેની પાસે વાહન ચલાવવાનું લાયસન્સ ન હતું. ટ્રાફિક પોલીસે રોકવાનો પ્રયત્ન કરતાં પોતાનું વાહન ઝડપથી ચલાવવાનો પ્રયત્ન કરેલ. છતાં પોલીસે રોકેલ. ત્યારબાદ પોલીસ સામે દાદાગીરીથી વાત કરવાની શરુઆત. પોલીસ પણ મક્કમ. બે જ મિનિટમાં પેલી વિદ્યાર્થીનું વાહન સાઈડ પર મૂકાવી દીધું. ત્યારે મનમાં કેટલાક પ્રશ્નો અને વિચાર ઊભીર આવ્યા. પ્રશ્ન એ થયો કે ટ્રાફિકના કાયદાનો ભંગ કરનાર નાની ઉંમરની આ વિદ્યાર્થીઓની પોલીસથી છટકવા ભાગી જવાનો વિચાર આવ્યો એ જ આપણા સમાજનું કલંક કહી શકાય. એટલું જ નહીં પણ પોતે ગુનેગાર છે, એમ જાણવા છતાં પોલીસ સામે ઉગ્રતથી વાતની શરૂઆત કરનાર આ વિદ્યાર્થીઓમાં આવા સંસ્કાર આવ્યા કયાંથી ? શું આ માટે આપમે વાલીઓ શાળા, સમાજ વગેરે જવાબદારી નથી? આ માટે આપણે આપણા વિદ્યાર્થીરૂપી બાળકોમાં કેટલાંક સંસ્કારો ઈરાદાપૂર્વક આપીશું ?

વિદ્યાર્થીઓને ત્રણ ભાગમાં વહેંચીશું. પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ - આ ત્રણે પ્રકારના વિદ્યાર્થીઓ પાસે જુદી જુદી અપેક્ષા રાખી શકાય. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા નાના ભૂલકા તો વાહન ચલાવતા ખૂબ જ નાના પડે છે. જેથી આવા બાળકો વાહન ચલાવીને કાયદાનો ભંગ કરે છે. અશિસ્ત ઊભી કરે છે. તે કહેવું કે ધારણા ધરવામાં આપણે ખોટાં પડીએ.

આમ છતાં, આ નાના ભૂલકાઓ જ ટ્રાફિકના કેટલાક પ્રશ્નો ઉકેલી શકે તેમ છે ! માટે આવા ભૂલકા પ્રાથમિક શાળાના બાળકોને એક વિનંતી કે, તમે જયારે તમારા વાલી સાથે વાહનમાં બેસીને બહાર જાઓ. ત્યારે જો તમારા વાલી ટ્રાફિકના નિયમોનો ભંગ કરતાં હોય તો તેમને રોકો. તમારા વાલીને માત્ર એટલું જ કહો કે, 'પપ્પા, તમે આ કર્યું તે યોગ્ય ન હતું, મને ન ગમ્યું.' દોસ્તો, તમારા આ શબ્દોની અસર તમારા મા-બાપ પર ખૂબ જ મોટા પ્રમાણમાં થશે. ટ્રાફિક પોલીસની ધમકીની કે દંડની જેટલી અસર નહીં થાય તેટલી અસર તમારા આ શબ્દોની થશે. તો બાળ દોસ્તો, આ રીતે તમે તમારા વાલીના પોલીસ બનો અને તેમને કાયદાનો ભંગ કરતાં રોકો. આમ કરવા તમને પણ એક ફાયદો થશે કે તમે પોતે પણ મોટા બનશો ત્યારે આ રીતે કાયદાનો ભંગ કરશો નહીં. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એટલું કહેવાનું છે કે દોસ્તો, તમે હજુ અઢાર વર્ષથી નાની ઉંમરના છો. તમારમાં વાહન ચલાવવાની પૂરતી પરિપક્વતા નથી. તમે બે વર્ષ મોડું વાહન ચલાવશો તો તેમાં આભ તૂટી પડવાનું નથી, કે નથી તમારે એવી તાતી જરૂરિયાત કે જેમાં વાહન ન ચલાવવાથી નુકશાનમાં ઉતરી જશો. બસમાં મુસાફરી કરતા સિનિયર સિટીઝન કે શારીરિક અશક્ત માણસોને મદદરુપ થાવ. તમારું જોઈને નાના શીખશે અને મોટા પોતાની જાત અને વિચારોમાં પરિવર્તન લાવશે. કેટલાંક વિદ્યારઅથીઓ મિત્રો અન્ય વિદ્યાર્થીઓને વાહન ચલાવતા જોઈને તેમાંથી વાહન ચલાવવાની પ્રેરણા લે છે.જે સારી બાબત નથી. પ્રેરણા લેવી હોય કે અનુસરવી હોય તો બીજી ઘણી અનેક સારી બાબતો છે. એવી પ્રેરણાનું લોકે અનુસરણ કરો કે જેના કારણે તમારી વાલી કે શિક્ષક ગૌરવ અનુભવે. આ રીતે કાયદો તોડીને કોઈ પણ કામ કરવાથી વટ નથી પડતો. પણ તમારી ઈમેજમાં ઘટ પડે છે. તમે લાયસન્સ વગર વાહન નહીં ચાલવો તો તેમાં તમને અને દેશને જ ફાયદો છે.

વિદ્યાર્થી એટલે કે આવતીકાલના નાગરિક પાસે સમાજની અપેક્ષા એટલી જ છે કે તમે કાયદાનો ભંગ ન કરો અને અને જે કરે છે તેને પ્રેમથી રોકો. અહીં સૌ વાલી મિત્રોએ પણ પોતાની ફરજ બજાવવી જોઈએ પોતાના બાળક પ્રત્યે પ્રેમ હોય - સહાનુભૂતિ હોય પણ આ પ્રેમમાં કયાંક સંસ્કાર આપવાનું તો નથી ચૂકી જતાં ને ? પોતાનું બાળક કયાંક કાયદાનો ભંગ તો નથી કરી રહ્યો ને તેનું સતત ધ્યાન રાખો. એવું ખોટું પ્રોત્સાહરન અને સગવડતા ન આપો કે જેનાથી તે કાયદાનો ભંગ કરવા પ્રેરાય. ટૂંકમાં વાલી મિત્રોએ વર્તન અને વિચાર કરવા જોઈએ કે જેમાંથી તે બાળખ ખોટું શીખે નહીં અને હકારાત્મક વર્તન કરવા પ્રેરાય.

શિક્ષક અને સાંસદ : પગાર અને પ્રવૃત્તિ

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

ચાણક્ય ભલે કહી ગયા હોય કે '' શિક્ષક કભી સામાન્ય નહીં હોતા '' પરંતુ આજે જો ચાણક્ય હોત તો તેઓ શિક્ષકને બદલે એમ કહેત કે '' સાંસદ કભી સામાન્ય નહીં હોતા '' કેમ કે આજની રાજનીતિક વ્યવસ્થા અને માનસિકતાને કારણે શિક્ષક આજે સામાન્ય થતો જાય છે અને પ્રત્યેક સાંસદ અસામાન્ય. આમ તો શિક્ષક અને સાંસદની તુલના અસ્થાને છે. પણ બન્નેને મળતા પગાર અને ભથ્થાઓને કારણે તુલના થઈ જાય છે.

કોઈપણ સરકારી નોકરીઆતને એનો પગાર એના કામને આધારે નક્કી કરવામાં આવતો હોય છે. એ કેવા પ્રકારનું કામ કરે છે. એ કામની ફલશ્રુતિ શું છે ? એના કામથી વ્યક્તિને, સમાજને, રાજ્યને કે દેશને શું ને કેટલો લાભ થાય છે ? આવી બધી બાબતો ધ્યાનમાં લેવાતી હોય છે. આ દષ્ટિએ જોઈએ તો સૌ પ્રથમ શિક્ષકો અને સાંસદોની કામગીરી સમજવી જોઈએ. શિક્ષકો પ્રાથમિક શાળાના બાળકોથી માંડીને હાઈસ્કૂલ સુધીના યુવાનીના ઉંબરે પગ માંડતા કિશોરોને શિક્ષિત કરતા હોય છે. આ કાર્યને આપણા દેશમાં ખૂબ જ સામાન્યતાથી મૂલવવામાં આવે છે. પણ એક શિક્ષક પાંચથી પંદર વર્ષના બાળકોને માત્ર નરસિંહ મહેતાની કવિતાઓ કે ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓ કે ગણિતના દાખલાઓ કે વિજ્ઞાનના સિદ્ધાંતો કે ઈતિહાસ ભૂગોળની માહિતી જ નથી આપતા હોતા પણ સાથે સાથે સંસ્કાર અને સભ્યતાના પાઠ પણ શીખવતા હોય છે. આ ઉંમરે બાળકોના માનસપટ પર જે અંકિત થાય છે તે જીવનભર રહે છે. અને આથી જ જે કાર્ય કે જે વાત માતા પિતા પોતાના બાળકોને ઘરમાં નથી સમજાવી કે શીખવી શકતા તે વાત શાળામાં શિક્ષકો બાળકોને સહેલાઈથી સમજાવી શીખવી દે છે. અને આથી જ શિક્ષકોનું કાર્ય સૌથી કઠિન ગણાય છે. આપણે ગમે તેટલા વિદ્વાન, બુદ્ધિશાળી, શક્તિશાળી કે ધનપતિ હોઈએ પણ આપણે આપણા જ બાળકોનું મન મોટેભાગે સમજી શકતા નથી હોતા કેમ કે આપણી ઉપર આપણી પ્રતિષ્ઠાનો, સત્તાનો, સંપતિનો મદ હોય છે. જ્યારે એક શિક્ષક એક સાથે અનેક બાળકોને શાળામાં પોતાના બનાવીને એની સાથે આત્મીયતાભર્યો વ્યવહાર કરીને તમામ બાળકોની માનસિકતા, સ્વભાવ અને સંવેદનાને સમજતો હોય છે. વળી બાળકોનું બાળપણ યથાવત રાખીને એમને શિક્ષિત કરવા એ તો પીએચ.ડી થયેલ અધ્યાપક પણ કરી શકે નહીં. એટલું કઠીન કાર્ય છે જે એક પ્રાથમિક શાળાનો શિક્ષક કરતો હોય છે. આપણે આપણા ઘરમાં એક બે બાળકોને ઉછેરતા પણ પરેશાન થઈ જઈએ છીએ. જ્યારે શિક્ષકો તો પરાયા બાળકોને પોતાના બનાવીને એક સાથે એક ક્લાસરૂમમાં પચાસ સો બાળકોને સમજાવી, ફોસલાવીને પ્રેમથી શિક્ષિત કરે છે. તો વળી સાવ નાના પરાયા બાળકોની રોજિંદી ક્રિયાઓ પણ કરાવવી સહેલી નથી હોતી. બાળકોના મનમાં ઊઠતા અવનવા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવા – આ બધું કામ દેખાય છે સહેલું પણ સહેલું હોતું નથી. કેમ કે એક બાળકની સંભાળ રાખવી એને શિક્ષિત કરવું એ માટે વ્યક્તિએ પણ બાળક બનવું પડે છે.

પ્રાથમિક શાળામાંથી બાળક જ્યારે હાઈસ્કૂલમાં પ્રવેશે છે ત્યારે તેનામાં થોડી સમજદારી આવી ગઈ હોય છે. શિસ્ત અને સંયમ સાથે તે શિક્ષકોનો આદર કરતા શીખી ગયો હોય છે. સમયપાલન અને થોડા સામાજિક ગુણો વિકસી ગયા હોય છે. અભ્યાસક્રમનું ઊંડાણ પણ વધે છે. એને ભાવિ જીવનમાં કંઈક ઉચ્ચ પદ પર જવું હોય તો સારા માર્ક્સ લાવવાની ખબર પડે છે. ધગશ, ઉત્સાહ અને નિષ્ઠાથી અભ્યાસ કરતો થાય છે. આ ઉંમરે શિક્ષકોની જવાબદારી પણ વધી જતી હોય છે. બાળકમાંથી કિશોર બનવાની પ્રક્રિયા ખૂબ જ સંવેદનશીલ તબક્કામાંથી પસાર થતી હોય છે. બાળકનો સ્વભાવ પરિવર્તિત થતો હોય છે. અને આ માનસિકતા સમજીને શિક્ષક એને આવતી યુવાનીના સંસ્કાર, ભાવિજીવનના સ્વપ્ન અને સંઘર્ષની વાતો દ્વારા ઘડતર કરતો હોય છે. અને આ રીતે પાંચ વર્ષનું બાળક કિશોરાવસ્થામાંથી યુવાન બની કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશતું હોય છે.

બસ, આ જ કારણસર ચાણક્યએ શિક્ષકોને સામાન્ય નથી ગણ્યા. પરંતુ આજે શિક્ષકોના પગાર અને કામગીરીને સમીક્ષા કરવાની તાતી જરુર છે. કારણ કે આવા વ્યાવસાયિક યુગમાં, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના વૈશ્વિક યુગમાં એક તો કોઈ આર્ટ્સમાં આવવા તૈયાર નથી ત્યાં જે યુવાનો પુરી તાલીમ લઈને, કઠીન પરીક્ષાઓ આપીને શિક્ષકો તો બને છે પણ પગાર ? સરકારી હોય તો પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર રૂ/- ૧૯,૯૫૦/ - આ પાંચ વર્ષ આટલા પગારમાં શિક્ષક એનો પરિવાર કંઈ રીતે ચલાવે ? કેમ કે જીવનજરૂરિયાતની ચીજ વસ્તુઓ તો એક જ ભાવે મળવાની છે. અને ફૂલ પગાર પણ ૨૫/૩૦ની આસપાસ.... વળી કામનો બોઝ... શિક્ષણ ઉપરાંત બીજા અનેક સરકારી કામોની ભરમાર.

હવે થોડી વાત સાંસદોની કામગીરી અને મળતા પગારભથ્થાઓની. સૌ પ્રથમ તો સાંસદ બનવા માટેની કોઈ પ્રકારની લાયકાતની જરૂર નથી. કોઈ તાલીમ કે કે કોઈ ડિગ્રી પણ નહીં. પક્ષ હોય, ઓળખાણ હોય, મનીપાવર હોય તો સાંસદ બની શકાય છે. એક સાંસદની કામગીરી આમ તો પ્રજાની સેવા કરવાની હોય છે. પ્રજાના પ્રશ્નોને વાચા આપી સરકાર સુધી પહોંચાડી એનો ઉકેલ લાવવાની હોય છે. પરંતુ આજસુધી કેટલા લોકો પોતાના વિસ્તારના સાંસદોને ઓળખે પણ છે ? કે એમને ચૂંટણી પછીના સમયે પોતાના વિસ્તારમાં જોયા હોય ? પક્ષના કાર્યકર્તાઓ સિવાય કોઈ સામાન્ય પ્રજા ક્યારેય પોતાના સાંસદને ઓળખતી કે મળી પણ શકતી હોતી નથી. અને આજકાલ તો સાંસદોના પગાર ભથ્થાઓ લઈને પણ ચર્ચાઓ ચાલે છે. સાંસદોનો પગાર મહિને રૂ/- ૫૦ હજારથી વધીને સીધા જ રૂપિયા એક લાખ થઈ જાય, મતક્ષેત્રનું ભથ્થું ૪૫ હજારથી વધીને ૯૦ હજાર થઈ જાય, અને પાંચ વર્ષ પછી મળતું પેન્શન રૂ/- ૨૦ હજારથી વધીને ૩૫ હજાર થઈ જાય વર્ષમાં ૩૪ વિમાન પ્રવાસ ફ્રી, રેલ્વે એ.સી. પ્રવાસ સંપૂર્ણ ફ્રી, નવી દિલ્લીમાં માત્ર રૂ/- ૨૫૦૦માં સરકારી બંગલો ભાડે મળે કે જેનું ભાડું ખરેખર લાખો રૂપિયા થાય. વર્ષનું ૫૦ હજાર યુનિટ વીજળીબીલ મફત, ટેલિફોન, મોબાઈલ ફ્રી, ઑફિસભથ્થુ, સંસદ હાજરી ભથ્થું, ૪૩ પ્રકારની સમિતિઓની મિટિંગમાં ઉપસ્થિતિ ભથ્થું, આ બધું એક સાંસદને મળે છે. વળી સંસદની કેન્ટિનમાં રૂ/- ૩૬માં માંસાહારી ભોજન, રૂ/- ૧૧માં શાકાહારી ભોજન મળે છે. અને બીજા અનેક પ્રકારના નાસ્તા કે ઠંડાપીણા પણ બે ચાર, છ રૂપિયામાં... દુનિયાની કોઈ મોંઘવારી આપણી સંસદને લાગું પડતી નથી. એમાં વળી ગયા બજેટમાં શ્રી અરૂણ જેટલીજીએ પણ સાંસદોના પગાર વધારાની ભલામણ કરી છે. અને આ દર પાંચ વર્ષે વધતો રહે એવી પણ વ્યવસ્થા ગોઠવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

આજે આપણે સૌ એ જોયું છે કે દેશમાં અસંખ્ય એવા સાંસદો કે ધારાસભ્યો છે કે જેઓ ચૂંટણી પહેલા માત્ર સ્કૂટર કે સાયકલમાં ફરતા હોય અને સામાન્ય ઘરમાં રહેતા હોય કે સામાન્ય સરકારી નોકરી કે કોઈ કંપનીમાં નોકરી કે શિક્ષક હોય અને ધારાસભ્ય કે સાંસદ બન્યા પછીના બે ચાર વર્ષમાં જ એમની સમૃદ્ધિ દેખાવા લાગે છે. ગાંધીનગર, દિલ્હીમાં વિશાળ બંગલાઓ, કિંમતી ગાડીઓ, બે ચાર ફેકટરીઓ, કંપનીઓ, શૉ રૂમ્સ, મોલ્સ, જમીનો આ બધી મિલકત આવી જાય છે. આ બધુ ક્યાંથી આવે છે એ તો રામ જાણે. પણ શિક્ષક બિચારો શિક્ષક જ રહે છે. સ્કૂટરમાંથી કારમાં આવતા આવતા નિવૃત્તિના આરે આવી જાય છે. આપણે એ ના ભૂલવું જોઈએ કે એ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન કે સાંસદ કે ધારાસભ્ય હોય... એમને પણ શિક્ષિત કરનાર એક શિક્ષક જ હતા... એમના સંતાનોને શિક્ષિત કરનાર પણ શિક્ષકો જ છે. અનેહજીયે આવનારી અસંખ્ય પેઢીઓના બાળકોને, યુવાનોને શિક્ષિત કરનાર શિક્ષકો જ હશે. પણ જો સરકારી શિક્ષકોના અને ખાનગી શિક્ષકોના પગારમાં ભેદ હશે, ફિક્સ પગારના શોષણ હશે, પેન્શનની કોઈ સવલત નહીં હોય તો આપણા સૌની આવનારી પેઢી સાવ માયકાંગલી અને ભ્રષ્ટ હશે. ડિગ્રીધારી અશિક્ષિતો સમાજમાં ઘૂમતા હશે. કેમ કે એક શિક્ષકનો અસંતોષ આખા સમાજને નુકશાન કરે છે. દેશના ભવિષ્યને અસર કરે છે. અને આથી જ ચાણક્યએ કહ્યું છે કે '' શિક્ષક કભી સામાન્ય નહીં હોતા, નિર્માણ ઔર પ્રલય ઉસકી ગોદમેં પલતા હૈ '' અસ્તુ. વંદે માતરમ્

- 9426060601.india@gmail.com

ઓનલાઈન ફૂટપ્રિન્ટ : આ 'લીકેજ' કિમતી છે!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

જેવું તમે ક્યાય ઓનલાઈન કોઈ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ જાણવા તમારી ડીટેલ નાખી કે પત્યું બીજી જ મીનીટે જો ઈમેલ આપ્યો હોય તો ઈમેલ પર અને મોબાઈલ નંબર આપ્યો હોય તો એસએમએસ માં કે ઘણી વાર તો ડાયરેક્ટ કોલ કરીને જ માર્કેટિંગ શરુ... નવી કાર, ફ્રીઝ કે બીજી કોઈ ચીજવસ્તુ લેતી વખતે જો ડીલરને ઈમેલ કે મોબાઈલ નમ્બર આપ્યો તો થ્યું તમને લોનોની ઓફરો આવવાનું થાય ચાલુ....નવી કાર લેવા કે જૂની વેચવા ક્યાય ઓનલાઈન ઈન્કવાયરી માં આવી ચીજો મૂકી તો ફટાક કરતાંક ને તમારા મોબાઈલ કે ઈમેલમાં ઓફરોનો રાફડો ફાટી નીકળે...! હજુ આમાં તો તમારા ઈમેલ માં ' તમે જીત્યા છો ૧૦ કરોડ '..'તમને મળી છે આઈટી ની નોટીસ '...' તમને મફતમાં મળે છે નવું ક્રેડીટ કાર્ડ ' વગેરે વગેરે જેવા સ્પામ ઈમેલ કે ' હાય હું છું ફલાણી...મારી સાથે દોસ્તી કરશો '...' તમારા માટે ફલાણી ઓનલાઈન શોપિંગએપમાં જમા થયા છે ૧૦૦૦ પોઈન્ટ્સ '...' તમારો ઓનલાઈન પાસવર્ડ હેક થયો છે બદલવા ક્લિક કરો આ લીક'...જેવા સ્પામ એસએમએસ નો રાફડો ફાટી નીકળે તમારા મેસેજ બોક્ષમાં...! અને હા આ બધા ઉપરાંત ' અનાથ બાળકોને મદદ કરો '...' તમને મળે છે સસ્તી લોન '....' સર તમારે કાર લેવાની છે તો અમારી પાસે છે આકર્ષક ઓફર ' જેવા વણમાંગ્યા ઈરીટેટીંગ ટેલીફોન કોલ્સ તો લટકામાં....!

સાલું આપણને થાય કે હજુ તો ફ્રીઝ ઘરે પણ નથી પહોંચ્યું ત્યાં લોનો મળવા માંડી..જબરું ઝડપી તંત્ર છે આ લોકોનું...!!! પણ સાથે સાથે એ વિચાર પણ આવે કે આપણો નમ્બર કે ઈમેલ આટલી જલ્દી માર્કેટમાં ફરવા કેમનો માંડ્યો...? કેમકે જ્યાં પણ આ આપેલો ત્યાં તો ગેરેંટી આપેલી કે ' વી વિલ નોટ યુઝ યોર પર્સનલ ડીટેલ '....તો આ થયું કેમનું ? તો ભાઈઓ ઓર બહેનો આ છે આજના જમાનાની લેટેસ્ટ ચોરી ટેકનીક...જીસકો હમ બોલતે હૈ ડેટા ચોરી...! ડેટા લીક એવા રૂપાળા હેડીંગો તો વારતહેવારે નહિ પણ લગભગ રોજબરોજ વાંચવા મળે જ છે. ઓનલાઈનની આ નવી અને એકદમ ભયંકર માયાજાળ છે અને આ માયાજાળનો ભોગ હું ને તમે વારંવાર બનીએ છીએ. ફોન કરીને પીન નંબર માંગીને ખાતામાંથી રૂપિયા ઉપડી જાય એવા બનાવો ના બને ત્યાં સુધી આપણે આને હલકામાં લેવાના જ અને બીજો કોઈ છૂટકો છે પણ નહિ કેમકે ડીજીટલ દુનિયામાં આપણી ફૂટપ્રિન્ટ લગભગ માઉસની દરેક ક્લિક પર ચારેકોર પથરાતી જતી હોય છે અને અઘરી વાત એ છે કે એ ફૂટપ્રિન્ટ જ ચોરોને આપણા તરફ પહોચાડી દેતી હોય છે.

અત્યારે ફેસએપ નામની મોબાઈલ એપ ધૂમ મચાવી રહી છે. માણસને જુવાન થવાની ઘેલછા હોય પણ આ એપ દ્વારા એ પોતાને ૨૦-૩૦ વર્ષ પછી કેવો દેખાશે અને કેટલો બુઢ્ઢો દેખાશે એનો હુબહુ ચિતાર આપે છે. લોકોને મજા પડી ગઈ છે...એપ ના ફિલ્ટર વડે પોતાનો બુઢાપાનો ફોટો બનાવી બનાવીને અપલોડ કર્યા જ કરે છે અને આમાં શું આમ કે શું ખાસ ? ભલભલા સેલેબ્સ પણ સામેલ છે. સારું છે, ઈટ્સ ફન પણ સાયબર નિષ્ણાતો કહે છે કે આ એપ તમારો ડેટા ચોરે છે. હવે તમે એમ કહેશો કે એમાં નવું શું છે ? મોબાઈલ કે નેટ પર અવેલેબલ દરેક એપ અને લગભગ બધી જ શોશિયલ નેટર્વકિંગ સાઈટ ડેટા ચોરે જ છે. કેમ હજુ હમણાં જ કેમ્બ્રિજ એનાલેટીકા અને ફેસબુકની મિલીભગત વાળી ડેટાચોરી નહોતી પકડાઈ ? જો કે આ ફેસબુક ડેટાચોરી પ્રકરણમાં લેટેસ્ટ એ છે કે અમેરિકાની યુએસ ફેડરલ ટ્રેડ કમીશને ૩૫ હજાર કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. તમે ઓહો અને અધધધ એમ બોલીને મો પહોળું કરો એ પહેલા જણાવી દઉં કે ફેસબુક આ રકમ હસીખુશી ભરવા તૈયાર છે...! પૂછો કયું ? એ એટલા માટે કે આ ડેટાલીકથી ફેસ્બુકે કમાયેલી રકમનો આ માંડ ત્રીજો ભાગ છે એમ કહી શકાય. ઈવન ફેસ્બુકે આને પુરવાર કરતું નિવેદન એમના શેરહોલ્ડર માટે આપેલું કે ' ડોન્ટ વરી, આ રકમ આપણે પહેલેથી જ સાઈડમાં મૂકી રાખેલી - ફિકર નોટ..!' છે ને ડેટાચોરીના ધંધામાં ઘી-કેળા...!

ઓકે બેક ટુ ફેસએપ એન્ડ અધર...! અસલમાં શું છે કે લગભગ દરેક એપ તમારા કોન્ટેક્ટ - ગેલેરી અને બીજી ચીજોનું એક્સેસ માંગી જ લે છે એટલે યુઝર્સ આ ફેસએપની બબાલમાં એમ જ પૂછે છે કે આમાં નવું શું છે ? બધા એપ આવું જ લખાવી લે છે. અમેરિકન સેનેટરે ફેસએપની ગોપનીયતા માટે કદાચ એટલે સવાલો ઉઠાવ્યા હશે કે આ એપ રશિયન છે અને ટ્રમ્પની ચૂંટણીમાં રશિયન સાઈબર કાફલો ચર્ચામાં હતો જ. ખેર જે હોય તે પણ એ હકીકત છે કે આ અને આના જેવા બીજા એપ્સ આપણી પર્સનલ માહિતીઓ સતત એકઠી કરતા રહેતા હોય છે. જો કે એપ ઈન્સ્ટોલ કરતી વખતે એક્સેસ આપવા માટે વિનંતી કરતા ટર્મ્સ એન્ડ કન્ડીશન કોણ વાંચવાનું છે ભલા ? જો ના વાંચતા હોવ (એ શક્ય પણ નથી) તો ખાલી નમુના માટે ફેસએપ ની ટી એન્ડ સી જ વાંચી લો. લખ્યું છે કે ' ફેસએપ ને હું અનુમતી આપું છું કે એ કોઈ પણ સામગ્રી અવાજ-ફોટો - ઓળખાણ - અંગત માહિતીનો ઉપયોગ (મને પૂછ્યા વગર અને ક્યાય પણ) કરી શકશે ' યુઝર્સ અને સાઈબર નિષ્ણાતો તો આથી આગળ વધીને એમ કહે છે કે યુઝર્સની ગેલેરી - મેસેજીસ-ઈમેલ-લોગીન બધું જ આ એપના હવાલે છે...! જો કે દરેક એપ ડેવલપર એમ કહીને છટકી જતા હોય છે કે આ માહિતી અમે અમારા એપની બહેતરી અને યુઝર્સને વધુ સારી સેવા આપી શકીએ એ માટે વાપરીએ છીએ પણ જગત ગવાહ હૈ કે આ સદંતર ખોટું છે...છે ને છે જ !

ખેર વાત ખાલી ફેસએપની નથી પણ ટીકટોક ને હેલો જેવા એપ પર પણ પસ્તાળ પડી જ રહી છે અને ડેટાચોરીની આ વાત વધુ ગંભીર બનશે કે નહિ એ ખબર નથી પણ હકીકત એ છે કે ઓનલાઈન ડેટાચોરી હવે આમ વાત થઈ ગઈ છે. સી સ્પામ લીંક અને ઓનલાઈન ફ્રોડ અલગ વાત છે કેમકે ઓનલાઈન ફ્રોડને તો કદાચ ટ્રેસ પણ કરી શકાય છે જ્યારે અહિયાં યુઝર્સની જાણબહાર એનો પર્સનલ ડેટા એવી રીતે બહાર વેંચાય છે કે એને તો ખબર પણ નથી હોતી. જો કે મોટાભાગના યુઝર્સ એમ કહી બેસતા હોય છે કે આપણી માહિતીઓમાં શું કમાઈ લેવાનું છે ? પણ હકીકત એ છે કે આવી માહિતીઓ અનેકો કામમાં વપરાય છે. ટેલી-માર્કેટિંગ કે ઈમેલ માર્કેટિંગ તો આનો એક ભાગ છે જ પણ એ સિવાય રાજકીય-આમાજીક-આર્થિક સર્વેક્ષણો માટે આવી માહિતીઓની ધૂમ માંગ છે. જે તે દેશ-સમાજ કે સમૂહના રાજકીય-સામાજિક-આર્થિક ટ્રેન્ડ જાણવા માટે આ માહિતીઓ અતિકીમતી તો છે જ. જો કે ક્રાઈમ સોલ્વ કરવાના ક્ષેત્રે પણ આવી ચોરી ઉપયોગી થઈ રહી છે તો કોઈ નવા સુધારા માટે પણ ઘણા ઓર્ગેનાઈઝેશન આવી માહિતીઓનો ઉપયોગ કરે છે. સાઈબર નિષ્ણાતો વાતચીત માટે સિક્યોર એપ વાપરો, સોફ્ટવેર અપડેટ રાખવો, ક્યા એપ્સે તમારી પર્સનલ ડીટેલ એક્સેસ કરવાનો હક્ક લીધો છે એની સમીક્ષા કરતી રહેવી, પાસવર્ડ મેનેજર વાપરવું કે પબ્લિક વાઈફાઈ વખતે સાવચેતી રાખવી જેવા ઉપાયો બતાવતા રહે છે પણ હકીકત એ છે કે ગમે એટલું ધ્યાન રાખો પણ તમારી ઓનલાઈન ફૂટપ્રિન્ટ તો છપાતી જ રહેવાની અને લાખ સિક્યોરીટી કરો તો પણ તમારો ડેટા વધતા ઓછા અંશે લીક થતો જ રહેવાનો...જ્યાં સુધી ડેટા પ્રોટેકશન નો કોઈ કડક કાયદો ના બને ત્યાં સુધી સગવડ સાથે અગવડો તો આવવાની જ...અને આવામાં તમારી અંગત માહિતીઓના એક્સેસ આપવામાં ખુદ કી અક્કલ લગાવો એ જ બેટર અને બેસ્ટ ઓપ્શન છે !

વિસામો :

આ પહેલા ૨૦૧૨માં યુઝર્સની અંગત માહિતીઓ ઈધર-ઉધર કરવા માટે ગૂગલ પર ૧૫૪ કરોડનો દંડ ફટકારાયો હતા.